વર્ષ ૨ અંક ૮ કાર્તિક વદ ૧૧, ૨૦૬૫

શ્રીગોકુલેશ પાઠશાળા

શ્રીઉત્પત્તિ એકાદશી વ્રત

તાત તણો પ્રતિબિંબ રે રસના - ૮



સબ મિલિ આવોરિ આવો, આંગન મોતિન ચૌક પુરાવો;
યહ ઉત્સવ હે આજ હમારે આનંદ મંગલ ગાવો.૧
ગોકુલનાથ જન્મ દિન આયો નૈનન નિરખો હિયો સિરાવોચ;
વૃંદાવન મન આરતી કરિ કરિ, વલ્લભ લાડ લડાવો. ૨

।। શ્રીગોકુલેશો જયતિ ।।

તાત્ તણો પ્રતિબિંબ રે રસના

શ્રીરસિક રસ ચરિત્ર

નિવેદન

શ્રીગોકુલકો નાથ, શ્રીવ્રજમેં કરત વિહાર;
નિજ–જન કો વરન કારન, લિયો ભૂતલ પ્રાકટ્ય ઉપહાર. ૧
શ્રીગોકુલેશ હી એક નામ, જો સુખ દે સાદા અપાર;
ઐસે સુખ સાગર શ્રીરાયજું, રાખે સાદા શ્રીચરણ નિરાધાર. ૨
પુરાણ કિયો પ્રકાશ, યહ સ્વરૂપ કરે શ્રીવ્રજ વાસ;
દાસગોપાલ કે શ્રીરાયપ્રભુ, રાખો શ્રીચરણ પાસ નિર્ધાર. ૩

સર્વદા સેવ્ય શ્રીદાદાજી શ્રીગોકુલેશપ્રભુનો પ્રાકટ્યોત્સવને આપણે મહોચ્છવ કહીએ છીએ. શ્રીકૃષ્ણનો જન્મોત્સવ, શ્રીમહાપ્રભુજીનો ઉત્સવ, શ્રીગોપીનાથપ્રભુચરણનો ઉત્સવ, શ્રીગુસાંઈજી પ્રભુચરણનો ઉત્સવ, અને **શ્રીગોકુલેશ પ્રભુચરણનો મહોચ્છવ**. આવોજ એક પ્રસંગ આપણા જ ઘરના આચાર્ય ચતુર્થપીઠાધીશ્વર શ્રીમાન્ શ્રીકન્હૈયા પ્રભુ (ગોસ્વામી શ્રીવિઠ્ઠલનાથજી)ના વચનામૃતમાં પ્રાપ્ત થાય છે. એક સમયે આપશ્રી (શ્રીકન્હૈયા પ્રભુ) શ્રીમદ્ ગોકુલની પોતાની (શ્રીકન્હૈયા પ્રભુ)ની બેઠકમાં બિરાજતાં હતાં, ત્યારે વાર્તા પ્રસંગ ચાલી રહ્યો હતો, તે વારે વિનંતી કરી કે રાજ! શ્રીજન્માષ્ટમીનો ઉત્સવ, શ્રીમહાપ્રભુજીનો ઉત્સવ, શ્રીગોપીનાથજીનો ઉત્સવ, શ્રીગુસાંઈજીનો ઉત્સવ અને શ્રીગોકુલનાથજીનો મહાઉત્સવ એનું કારણ કૃપા કરીને સમજાવો. ત્યારે શ્રીકન્હૈયા પ્રભુએ પ્રસન્નતાથી આજ્ઞા કરી કે તમે જાણીને શું કરશો? ત્યારે ફરી વિનંતી કરી કે રાજ! આપ નહીં સમજાવો તો બીજું કોણ સમજાવશે? અમે આપના છીએ તેથી કૃપા કરીને સંભળાવશો. ત્યારે આપશ્રી પ્રસન્ન થઇ આજ્ઞા કરી કે મહા શબ્દ છે તે વિશેષતાનો છે. જેમકે મહાભોગ, મહાનિશા, મહારાસ, મહાપ્રભુ. એમ શ્રીપૂર્ણપુરુષોત્તમ સાક્ષાત્ પુષ્ટપુષ્ટિ રસાત્મક પ્રભુનું પ્રાકટ્ય થાય ત્યારે મહા શબ્દ ઉપયોગ છે. શ્રાવણ માસની એકાદશીની રાત્રે સાક્ષાત્ પ્રભુ પ્રકટ્યા તેથી તે **મહાનિશિ** થઇ (સિદ્ધાંત રહસ્ય ગ્રંથમાં શ્રાવણ શ્યામલે પક્ષે એકાદશ્યાં **મહાનિશિ**..). તેવી જ રીતે શ્રીકૃષ્ણરસાત્મક પ્રભુ જન્માષ્ટમીએ પ્રગટ્યા તે સ્વરૂપ, વ્રજભક્તોના ભાવના ભાવાત્મક સ્વરૂપ, એના ભાવથી ભોગ સમર્પ્યો તે **મહાભોગ** થયો. તેવી જ રીતે રાસ

વગેરેમાં વ્રજભક્તોને મહા ક્લેશ શ્રીપ્રભુને પામવા માટે થયો ત્યારે તે ભક્તોના હૃદયમાંથી પ્રગટ થઇ રાસ કર્યો ને તે **મહારાસ** થયો, તેમ શ્રીમહાપ્રભુજી તેમ શ્રીગોકુલેશજીનું પ્રાકટ્ય, સ્ત્રીનો જે ભાવ ગૂઢ તે શ્રીગોકુલેશ સ્વરૂપ શ્રીકૃષ્ણરસાત્મક છે. તેથી **શ્રીમહોત્સવ (મહા-ઉત્સવ)** થયો. વળી બીજું કારણ એ કે બધા ઉત્સવમાં દિવસો નક્કી કરાય છે કે આટલા દિવસ આગળ સામગ્રી તૈયાર કરવી અને **શ્રીમહોત્સવ** પર માગસર સુદ ૮થી સામગ્રી તૈયાર થવા માંડે તે બારે માસ સુધી થાય. આમ પ્રતિવર્ષ થાય, એવી શ્રીમોહનભાઇજીની કૃતિથી એમના ભાવથી આ **શ્રીમહોત્સવ** ઉજવાયો છે.

માગસર સુદ ૭ એટલે **મહોત્સવ**, અને એ જ્યારે પતે, તેના બીજા દિવસે માગસર સુદી ૮થી બીજા **મહોત્સવની (મહાઓચ્છવ)** તૈયારી શરૂ થઇ જાય. આવો અનેરો ઉત્સવ નહીં, પણ મહોત્સવ (મહાઓચ્છવ)ની મહેંક છે, જે ભક્તો દ્વારા પોતાના સ્વામીને અનેકવિધ ઉત્તમ સામગ્રી વર્ષ ભર સંગ્રહ કરી અલૌકિક દિવસે અંગીકાર કરાવે છે. આ આખા અલૌકિક ઉત્સવ (મહોત્સવ-મહાઓચ્છવ)નું વર્ણન આપણને શ્રીદાદાજીના ભગવદીયો દ્વારા રચિત અનેક પદો થી પ્રાપ્ત થાય છે, અને વિશેષમાં તો **રંગ રંગ ઓચ્છવ, ધન ધન છટ્ટની રાતનું ધોલ**, વગેરે અનેક ધોલ-પદોમાં આ આખા **મહોત્સવ**નું અલૌકિક વર્ણન છે. જે મનનનીય-પઠનીય-વિચારનીય-અનુસંધાન રાખવા જરૂરી બની જાય છે. આવો આજે આપણે એવાજ એક ભગવદીયના વિશે જાણીએ, જેમને **સર્વદા સેવ્ય શ્રીદાદાજી શ્રીગોકુલેશ પ્રભુચરણ** વિશે અનેક ધોલ-પદોની રચના કરી આપણા સૌ સેવક-સમાજને ઉપકાર કર્યો છે. શ્રીદાદાજી શ્રીગોકુલેશ પ્રભુજીના અનેકવિધ જીવન પ્રસંગોને અને અનેક ઉત્સવોમાં શ્રીગોકુલેશ પ્રભુ પ્રત્યે શ્રીહરિ-શ્રીપ્રભુનો ભાવ પ્રગટ કરતાં અનેક ધોલપદ આપણને પ્રાપ્ત થાય છે. શ્રીગોકુલેશ પ્રભુના શ્રીઅંગનું વર્ણન, ફૂલબાગના ધોલ પદ, શ્રીગોકુલેશજીને પવિત્રાર્પણના પદો, જન્માષ્ટમીના પદો, વગેરે વગેરે અનેક પ્રસંગોને આવરી લેતા પદોની રચના કરી છે, જે આજે આપણને **શ્રીગોકુલેશ ધોલ-પદ માધુરી**માંથી પ્રાપ્ત થાય છે. તો આજે આપણે એવા એક શ્રીગોકુલેશ અનન્ય ભક્ત કવિ **શ્રીહરિદાસભાઇ**ના વિશે જાણવાનો પ્રયત્ન કરીએ.

હરિદાસભાઇ :-

એમનો જન્મ સં. ૧૬૬૦ની આસપાસ થયો હતો. તેમના પિતાજી નાથભાઇ ગુજરાતના ભરૂચના વતની હતા, અને શ્રીગોકુલેશ પ્રભુનાં અનન્ય આસક્તિવાળા હતા. તેઓ વૃદ્ધભક્તોમાંના એક હતા તેમના વિશે **શ્રીસ્વરૂપાનુભવોત્સવ**ના માંગલ્ય ૭૪માં ૪૫થી ૫૨ કડી સુધી વર્ણન છે.

પરમ કૃપાપાત્ર નાથભાઇ કહીએ, તે રાખીયા શરણે,
પુષ્ટિ પુષ્ટિ તે વર્ણ છે એહો તણું, આવ્યાં નિજ ચરણે. ૪૬
પરમ ભક્ત રાજ પુત્ર છે, **હરિદાસ શ્રીગોકુલવાસ**
મનોરથ મનમાહાં જે સમે, જે ઇચ્છે તે પૂરે પ્રભુ આશ. ૪૭

આ હરિભાઇને બે માતાઓ હતીઃ ૧.) જીવીબાઇ અને ૨.)ગંગાબાઇ, તથા તેમની એક બહેન, નામે લાછભાઇ હતું. હરિભાઇનો જન્મ ગંગાબાઇથી થયો હતો. તેમની પત્નીનું નામ રામાબાઇ હતું. તેમને બે પુત્રીઓ માનબાઇ અને ગોમતીબાઇ હતી, જ્યારે એક પુત્ર, નામ રાઘવદાસ હતું. તેમની પુત્રી ગોમતીબેને **કમનરસ** નામનો એક મોટો ગ્રંથ શ્રીગોકુલેશ પ્રભુના લીલાવર્ણનનો રચ્યો છે.

આ ભક્ત કવિ પુષ્ટિમાર્ગીય સાહિત્ય નિધિમાં એક અણમોલ રત્ન છે. તેમની સાહિત્ય કૃતિઓ, સાહિત્યની દૃષ્ટિએ ઘણી મૂલ્યવાન છે. એમની સાહિત્ય રચના વિષે ભક્ત કવિ સુરજીભાર્ગવ **શ્રીવલ્લભ રસાલ ભક્તરાજ** ગ્રંથમાં નીચે મુજબ લખે છે. :

એહવા નિષ્ઠાવાન હરિભાઇ, પ્રભુ પોતે કહે હરિદાસજી;
એણે પ્રથમ ધોલ જે એક કર્યું શ્રીજન્મ કુંડલી રસરાસજી. ૨૨
વલી ચોકી બેઠાનું કર્યું એક, અને સાતે શોભન સારજી;
એ પ્રીતમજીએ સહુ સાંભળ્યા, પ્રસન્ન થયા અપારજી. ૨૩
તે ગાંઠીને એક ગ્રંથ કર્યો, તેહનું નામ ધર્યું છે જેહજી;
શ્રીઅનુભવાનંદ ગ્રંથ એક, વલી **વિરહગીતા** કરી નેહજી. ૨૪
પદ અનોપમ પ્રભુનાં કર્યાં; **રસમન્જરી** એણે પ્રકારજી;
એહવા હરિભાઇ ક્રિપાપાત્ર એહ, અને ભક્ત ભલા છે સારજી. ૨૫

તેમના રચેલા વિરહગીતા અને અનુભવાનંદ ગ્રંથો અનુગ્રહ માસિકમાં પ્રકટ થયા છે, સાથેજ શ્રીગોકુલેશ ધોલ પદ માધુરીમાં પણ પ્રાપ્ત થાય છે. જ્યારે રસમંજરી હજી અપ્રકટ છે. અનુભવાનંદ સં. ૧૭૦૦ની સાલમાં આ કવિએ લખ્યો હતો. તે ગ્રંથ વૈષ્ણવોને બહુ ઉપયોગી હોવાથી તેની પ્રકટ-અપ્રકટ ગ્રંથો આ પ્રમાણે છે, જેમાંથી અનેક ગ્રંથો શ્રીગોકુલેશ ધોલ-પદ માધુરીમાં છપાયેલ છે.

પૂર્વછાયા અનુભવાનંદ ગ્રંથ, જન્મકુંડલી, અંગ વર્ણન, કરખો, અશ્વલીલા, પાલખી, ધમાર, જોબનદ્વીપ સુખસેજ નવરસ સહિત, શ્રીઆચાર્યજી જન્મોત્સવ, ફૂલબાગ, શ્રીયમુનાજી પધારવાનું ધોલ, અક્ષયતૃતીયા, પાલખી નાની મોટી ધોલ, પવિત્રાનું ધોલ, હીંડોળાનું ધોલ, જન્માષ્ટમીના ચોખરા, વિજ્યાદશમી, અલૌકિક

આદિત્ય ધોલ, જન્મોત્સવના ધોલ, ઉજાગર સાગર, શ્રીગુસાંઇજીના ચોખરા, અલૌકિક મેઘ, કુલ દીપક, પત્ર લેખન, કુલ શ્રુતિ, પૂર્ણાહુતિ, વગેરે વગેરે વગેરે, અનેક ધોલ-પદો છે.

આ હરિદાસ સમર્થ ભક્તકવિ હતા. તેમનાં છુટાં ધોલ અને પદો પણ અનેક પ્રાપ્ત થાય છે. વળી એઓ પણ પોતાના પદોમાં તથા ધોલમાં શોભા શબ્દ વારંવાર પ્રયોગ કરે છે. આપણા ત્યાં આવા હરિદાસ ત્રણ થયા છે. ૧.)એકતો આ હરિદાસ, ૨.) ગોસ્વામી શ્રીહરિરાયચરણના સેવક હરિદાસ (સં.૧૭૫૦), તે,અને ૩.) શોભામાજી (સં.૧૮૨૦). વળી એક હરિદાસ શ્રીમહાપ્રભુજી તથા શ્રીગુસાંઇજીના સેવક હોય તેમ પણ અનુસંધાન થાય છે. **પ્રથમ હરિદાસ**નાં પદ તથા ધોલમાં શોભા તથા હરિદાસ શબ્દો આવતા હોય તેનાં થોડા ઉદાહરણો નીચે પ્રમાણે છે.

૧. કોટિક મદન **શોભા**કે સદન હો **હરિદાસ** કહા વિશેખેરી..(ગો.ધો.પ.મા પૃષ્ઠ ૩૪-૩૫)

૨. ક્યાં વરનું આગે અદભૂત **શોભા** રસ સરિતા પૂર બઢી
ગાવત જશ **હરિદાસ** સખીજન અતિરસ અટન ચઢી. ..(ગો.ધો.પ.મા. પૃષ્ઠ ૧૦૩ - ૨૩)

૩. **હરિદાસ શોભા** કહે યહ લીલા સિંધુ અપાર, સો મન મોહી લિયો..(ગો.ધો.મા. ૧૨૦-૧)

૪. જે જે બાત બરખત **શોભા** નિરખત હરખત વારતી ત્રિય આરત **હરિદાસ** ફૂલ ન માઇ.
(ગો.ધો.મા.૧૩૨-૧)

૫. હાંરે **હરિદાસ રે, દાસ શોભા** સુખકારી, હરખી નિરખીને જાય બલિહારી. ..(ગો.ધો.પ.મા. ૨૭૯-૬)

એક સેવક, એક ભક્તકવિ અને આપશ્રીના(શ્રીગોકુલેશ પ્રભુ) અનેક જીવન પ્રસંગોને પોતાના દ્વારા રચિત ધોલ-પદમાં પ્રકટ કરી અને આજના આપણા જેવા અબુધ જીવોને શ્રીગોકુલેશ પ્રભુચરણના સ્વરૂપથી પરિચિત કરાવી રહી છે. એવા આ ભક્ત કવિઓ છે. ધન્ય છે આમનું જીવન, જેને પોતાના સ્વામી પ્રત્યે આવો અનન્ય ભાવ, અનન્ય ભક્તિ, અનન્યાસક્તિ હતી, જે આપણને આ ધોલ-પદમાંથી સ્પષ્ટ સમજાય છે. આપણે પણ એજ શ્રીગોકુલેશના ઘરના સેવક છીએ, તો આપણે પણ પોતાનો સેવક પણું સાર્થક કરીએ.

(શ્રીગોકુલેશ ધોલ પદ માધુરીમાંથી સાભાર)

ભાવત્ક:-

દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

રાજેન્દ્રભાઇ કડકીયા (યુ.એસ.એ.)

વધાઈ વધાઈ વધાઈ

શ્રીવલ્લભ કલ્પતરુ ફલ લાગ્યો વિઠ્ઠલેશ,
તાકો સ્વરૂપ એહી હૈ, શ્રીગોકુલનાથ નરેશ.

કાર્તિક વદ એકાદશી, શ્રીઉત્પત્તિ એકાદશી એટલે શ્રીગોકુલનરેશ શ્રીચતુર્થપીઠાધીશ્વર શ્રીમાન્ કન્હૈયાપ્રભુ (શ્રીવિઠ્ઠલેશ પ્રભુ)નો ઉત્સવ (સં.૧૯૨૬). શ્રીગોકુલનરેશ ગો.શ્રીકન્હૈયા લાલજી (શ્રીવિઠ્ઠલેશ પ્રભુ) તત્કાલીન ગોસ્વામી બાલકોમાં એક અલૌકિક પ્રતિભાશાળી અને દિવ્ય લીલાધારી ગોસ્વામી બાળક હતા. આપશ્રી સાહિત્ય-સંગીત અને કળાના મર્મજ્ઞ હતા. ઈસહાર ખૂબ સરસ બજાવતા. વળી રાસ-લીલા વગેરે અનેક લીલાઓ પોતે ભજવતા અને ભગવદવતાર સમયનું અલૌકિક સુખ તે તે લીલાઓ ભજવી તત્કાલીન વૈષ્ણવોને આપતા. આપશ્રીએ આવા અસાધારણ જીવન ચરિત્ર તેમજ સાહિત્ય તથા વચનામૃતોની ઝાંખી કરાવતા બે ગ્રંથો શ્રીગોકુલેશ નરેશ ગો.શ્રીકન્હૈયાલાલજીનું જીવન અને સાહિત્ય, તથા શ્રીકન્હૈયાલાલજી મહારાજ (શ્રીવિઠ્ઠલેશ પ્રભુ)કૃત ૩૫૦ વચનામૃતો પ્રગટ થયેલ છે.

ભલે જન્મ્ય **શ્રીકન્હૈયાલાલ** સાંભળ સાહેલી;
વર વરું રે **શ્રીવિઠ્ઠલેશરાય**, વેગે સૌ પહેલી...સાંભળ સાહેલી. ૧
ભક્તને અર્થે પ્રાકટ્ય ધરીયું ને, સરિયાં સેવકનાં કાજ રે,
સખી સુજાતિ સૌ મલી, જઈ જોયા શ્રીવિઠ્ઠલેશરાય...સાંભળ. ૨
ગાદી તકિયે બિરાજતા પ્રભુ બોલે મધુરા બોલ રે,
રૂપ રસાલું જોઈને એ, કેમ કરૂં સમતોલ...સાંભળ. ૩

હવે તો આપણા માટે એક અલૌકિક અવસર આવી રહ્યોં છે. **આયો મહાઓચ્છવ......**આપણા સર્વદા સેવ્ય શ્રીદાદાજી શ્રીગુસાંઈજીના શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલનાથ પ્રભુચરણ (શ્રીગોકુલેશ પ્રભુચરણ)નો પ્રાકટ્યોત્સવ - મહોત્સવ-મહાઓચ્છવ. માગસર સુદ ૧ થી પહેલું મંગલ ગીત ગવાય, અને માગસર સુદ ૭ એ પ્રભુને મોતીડે વધાયે રે...આવો અલૌકિક ઉત્સવને આપણે માણીએ, જાણીએ, સમજીએ. સૌને આગમ વધાઈ. સાથેજ **શ્રીગુસાંઈજીના પંચમકુમાર શ્રીરઘુનાથજીનો પ્રાકટ્યોત્સવ**ની અનેકાનેક વધાઈ.



શ્રીગોકુલનરેશ શ્રીચતુર્થપીઠાધીશ્વર
શ્રીમાન્ કન્હૈયાપ્રભુ (શ્રીવિઠ્ઠલેશપ્રભુ)

શ્રીગુસાંઇજીના સપ્તમ આત્મજ
શ્રીઘનશ્યામજી, જેમને ઘરમાં સૌ
પ્રાણવલ્લભ કહીને સંબોધતા



મહાઓચ્છવના દિન અતિ રળિયામણા રે;
પડવે પહેલા મંગળ ગીત ગવાય રે. ૧
બીજે બધાનાં હૈયાનાં બહુ હરખાય રે,
ત્રીજના તોરણ આસોપાલવના બંધાય રે. ૨
ચોથના ચોઘડિયાં રૂમઝુમ રૂમઝુમ વાગે રે;
પાંચમે પ્રભુનાં અર્ચન કીર્તન થાય રે. ૩
છઠ્ઠે છોગાળા નંદકુંવર ઘેર આવ્યા રે;
સાતમે પ્રભુને મોતીડે વધાવ્યા રે. ૪
પછી વ્હાલાને મંગળકળશ ભરાવ્યા રે;
દાસના દાસને આનંદ ઉરના સમાય રે. ૫

॥ શ્રીગોકુલેશો જયતિ ॥

શ્રીરસિક રસ ચરિત્ર

ત્રિવિધ સ્વરૂપ

સર્વનું કલ્યાણનું મૂલ ને કલ્યાણકારક આપજી,
સ્વરૂપ સચ્ચિદાનન્દ ભક્ત આરતહર ને સંતાપજી. ૩૩
સ્મૃતિ શ્રુતિ સિદ્ધાંત રક્ષક મર્યાદા અવતંસજી,
રક્ષક વેદ પરાયણ મિથ્યાવાદીના મુખધ્વંસજી. ૩૬
અંગ સકલ રંગે ભર્યા રસભર્યા રસદાતા રસજાણજી,
મધુર વચન મુખ ઉચરે રસજુત રસની એ ખાણજી. ૪૩
પરમ દયાલ દયાભર જગત હિતાર્થ રૂપજી,
ભક્તવિરહ કાતર કરુણામય, કારણ અનૂપજી. ૪૪
થોડેથી ઘણુંમાને ને પોતાનું કીધું ન જાણેજી,
કોટિક અપરાધ જીવના તે મનમાંહે નહિં આણેજી. ૪૫
જગતના ઈશ જગતગુરુ, જગતજીવન જગતના ઉદ્ધારજી,
અદ્ભૂત એ પ્રાગટ્ય હવું એ માંહે કારણનો નહિં પારજી. ૪૮

શ્રીગોકુલેશજીના એક એવા પરમ કૃપાપાત્ર વ્યારાના ભક્ત કવિશ્રી ગોપાલદાસભાઈએ કલ્યાણ ભટ્ટજી દ્વારા રચિત શ્રીગોકુલેશલીલા રસાબ્ધિ-ક્રીડા કલ્લોલ નામનો એક મહાકાવ્ય ગ્રંથ ગુજરાતી ભાષામાં વિ.સં.૧૬૯૮માં લખ્યો છે. તેના આઠમા માંગલ્યમાં તે વખતના શ્રેષ્ઠ જ્યોતિષી સોમાજીએ શ્રીગોકુલેશ પ્રભુના ગુણોની આગાહી આપશ્રીની જન્મ-પત્રિકા ઉપરથી કરી હતી તેનું વર્ણન ૨૫થી ૬૧ કડી સુધીમાં કવિએ આ કાવ્યમાં ઉતાર્યું છે. તેમાંની થોડી કડીઓ ઉપર પ્રમાણે છે. તે વાંચતા સહજ સમજાશે જે કે શ્રીગોકુલેશ પ્રભુ મહાચતુર રસજ્ઞ અને અલૌકિક ભક્તિરસમાં ડૂબેલા જગત શિક્ષક છે. વળી શ્રીગોકુલનાથજી ને વૈષ્ણવો સાક્ષાત્ રસાવતાર માને છે તેમ જે વેદશાસ્ત્રના સાચા જાણકાર વક્તા રક્ષક અને શિક્ષક માને છે કે આમ બીજા ભગવદ્ અવતારો કરતાં શ્રીગોકુલેશ પ્રભુનું પ્રાગટ્ય અભિનવ પ્રાગટ્ય છે અને તેથી આપશ્રીનું જીવન વિશેષ ચમત્કારી અને અદ્ભૂત છે.

આપશ્રીના સમયમાં કે તે સમયની આસપાસ આપશ્રીના જીવન ઉપર અનેક ગ્રંથાદિ સાહિત્ય લખાયું હતું, તેમાંથી ભક્તમાલાના મહાનુભાવી લેખક શ્રીનાભાદાસ જેવા મહાત્માઓ આપશ્રીને વિશાળ દષ્ટિવાળા, પૂર્ણ માનવતા ભરેલા મહોદાર શ્રીકૃષ્ણના પરમ ભક્ત માને છે; જ્યારે શ્રીઆચાર્યવર્ય મહાનુભાવી શ્રીહરિરાયચરણ જેવા પરમાદરણીય આચાર્યો તથા ભક્ત-સેવકો શ્રીગોકુલેશજીને પુષ્ટિમાર્ગના પરમ વિકાસક અને શ્રીમદ્ વલ્લભાચાર્યશ્રીના પ્રતિબિંબ સ્વરૂપ એટલે કે અવર અવતાર માને છે. વળી જ્યારે આપશ્રીના કૃપાપાત્ર ભગવદીયો શ્રીકલ્યાણ ભટ્ટજી, માહવદાસજી, ગોપાલદાસભાઇ, ગોકુલદાસભાઇ જેવા મહાનુભાવી ભક્તો આપશ્રીને પૂર્ણ રસાવતાર વગેરેથી આદિ, મૂલભૂત સ્વરૂપ માને છે. શ્રીગોકુલેશાખ્યાનના દશમાં માંગલ્યમાં શ્રીરમણલાલજી મહારાજશ્રી(મથુરાવાલા) લખે છે કે :-

સકલ સૃષ્ટિના સુખદાતા, પરમાનંદ રસરાસ,
કૃપાદષ્ટિ રસવૃષ્ટિ નિર્મલ ભાવ પ્રકાશ. ૫
શ્રીવલ્લભકુલભૂષણ સકલ શાસ્ત્ર શ્રુતિધાર,
વક્તા કર્તા રક્ષક શિક્ષક ધર્મ સુચાર. ૬
રસદાયક રસપોષક રસમય રસનું ધામ,
મોહન નવરસ રંજન ગોકુલરત્ન વિશ્રામ. ૭
આદિતે આદિ અનાદિ શુદ્ધાદ્વૈત અનૂપ,
ઔર નહિં કોઇ ઇનસમ મૂલ સ્વરૂપ અનૂપ. ૮
શ્રીગિરિવરધર અતિવલ્લભ શ્રીઆચાર્યજીનું મન,
શ્રીપાર્વતી વહુજીના જીવન શ્રીગુસાંઇજીનું સર્વસ્વ ધન. ૯

આમ શ્રીગોકુલેશજી પ્રભુના વિષે વિવિધ માન્યતાઓ છે. પણ આપણા સદ્ભાગ્યે આપશ્રીના સમકાલીન સેવકો-ભક્તકવિઓએ આપશ્રી વિષેના દિવ્ય અનુભવોના અનેક ગ્રંથો રચી પ્રગટ કર્યા, તે હસ્તલિખિત ગ્રંથો આજે ચારસો વર્ષો થયા છતાં તે ગદ્યપદ્ય સાહિત્ય-સુધાનું પાન આપશ્રીના ગુણાનુરાગી ભક્તો કરે છે.

..ક્રમશઃ

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

શ્રીગોકુલેશ વાક્સુધા

।। શ્રીસર્વોત્તમસ્તોત્રમ્ ।।

।। શ્રીગોકુલનાથજીની ટીકા સહિત ।।

...ગતાંકથી આગળ

આપણે એક થી છ શ્લોક સૂધી આ સ્તોત્રનું ફલ જણાવી, હવે આગળ શ્રીગુસાંઈજી શ્રીમહાપ્રભુજીના અલૌકિક ૧૦૮ નામો પ્રકટ કરે છે.

आनन्दः[१] परमानन्दः[२] श्रीकृष्णास्यं[३] कृपानिधिः[४] ।।

दैवोद्धारप्रयत्नात्मा[५] स्मृतिमात्रार्तिनाशनः[६] ।। ७ ।।

<u>ભાવાર્થ</u> :- આનંદ, પરમાનન્દ, શ્રીકૃષ્ણાસ્ય (શ્રીકૃષ્ણનું મુખ), કૃપાનિધિ (કૃપાના નિધિ-ખજાના), દૈવોદ્ધાર પ્રયત્નાત્મા (દૈવીજીવોના ઉદ્ધાર માટે જે ઉદ્યમ કરે છે), સ્મૃતિમાત્રાર્તિનાશન (સ્મરણ માત્રથી ત્રિવિધ તાપનો નાશ કરનાર). ૭

<u>રાગ: બિલાવલ</u>

આનંદરૂપ શ્રીવલ્લભકોં અપને જિય જાનો ।
ઔર સબૈ તુમ છાંડીકે ઈનહિકો માનો ।। ૧ ।।
તીન લોકમેં કોઉ નાહિ પટતર કો આવૈ ।
દેવ કોટી તૈંતીસમેં કોઉ પાર ન પાવૈ ।। ૨ ।।
આનન્દ નામ રટો રસનાતેં કરિ-કરિ અર્થ વિચાર ।
પૈયે **ગોવિન્દ** જન જપ કિએ પુષ્ટિપદારથ ચાર ।। ૩ ।।

આનન્દનું **आनन्दः** મૂર્તિમાન સ્વરૂપ સ્વયં શ્રીગોકુલેશ (શ્રીકૃષ્ણ) જ આનન્દ માત્ર કર-પાદ-મુખ-ઉદર વગેરે સ્વરૂપે શાસ્ત્રોમાં સર્વત્ર પ્રસિદ્ધ છે. શ્રીગોકુલેશના શ્રીહસ્ત (કર) આનન્દ દાયક છે, શ્રીચરણારવિંદ (પાદ) આનન્દ દાયક છે, શ્રીમુખ (મુખ) આનન્દ દાયક છે, શ્રીઉદર (ઉદર) આનન્દ દાયક છે. જેમ શ્રીમહાપ્રભુજી શ્રીપ્રભુ માટે મધુરાષ્ટકમાં વર્ણન કરે છે કે શ્રીપ્રભુનો સર્વાંગ મધુર છે, એવી જ રીતે જ્યારે

મધુર છે, તો તે આનન્દ દાતા છે, અને શ્રીમહાપ્રભુજી પણ આનન્દ દાતા છે, તેથી આપશ્રીના સર્વાંગ પણ આનન્દ દાતા-સ્વરૂપ છે. તૈત્તિરીયોપનિષદ્નાં ૩-૬માં પ્રથમ પંક્તિ છે

आनन्दो ब्रह्मेति व्यजानात् ।

આનન્દ જ બ્રહ્મ છે, એને નિશ્ચયપૂર્વક જાણવું.

एष एव आनन्दयाति

એજ આનન્દ સ્વરૂપ છે.

तस्माद्वा एतस्मान्मनोमयादन्योऽन्तर आत्मा विज्ञानमयस्तेनैष पूर्णः ।। तैत्ति. २-५

નિશ્ચય જ આ પહેલા બતાવેલા મનોમય પુરુષ (બ્રહ્મ)ને અન્ય આપણી ભીતર-અંતર રહેનારા આત્મા વિજ્ઞાનમય છે, તે આનન્દરૂપ છે.

આ પ્રકારે અનેક શ્રુતિઓમાં પણ બ્રહ્મને આનન્દમય કહેવામાં આવ્યું છે, અને તેથી આ આનન્દ **आनन्दः** નામથી શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ શ્રીગોકુલેશ (શ્રીકૃષ્ણ) સ્વરૂપ કહેવામાં આવ્યું છે. કારણ શ્રીગોકુલેશ (શ્રીકૃષ્ણ) આનન્દ સ્વરૂપ છે.

આનન્દરૂપ સ્વરૂપ :-

વિયોગ અવસ્થામાં સર્વલીલા સામગ્રી શ્રીપ્રભુના સ્વરૂપથી જુદી રહેતી નથી. પરંતુ શ્રીપ્રભુના સ્વરૂપમાં અંતરનિષ્ઠ રૂપે બિરાજતી હોવાથી લીલા સામગ્રીનાં પ્રકટ દર્શન નહીં થવાના કારણે ભગવાને જે સ્થિતિમાં બિરાજે છે, તે કેવલ ભગવાનની સ્થિતિ છે. આ સ્થિતિવાળા કેવળ ભગવાન આનન્દરૂપ ભગવાનની સંજ્ઞાથી ઓળખાય છે.

આનન્દમય સ્વરૂપ :-

સંયોગ અવસ્થામાં શ્રીપ્રભુ સર્વલીલા સામગ્રી સહિત પ્રકટ થાય છે, ત્યારે લીલા સામગ્રી આનન્દરૂપ હોવાના કારણે, ભગવાન સ્વયં બાહ્યાભ્યાંતર આનન્દમય થાય છે. આ **આનન્દસ્વરૂપ બ્રહ્મને શ્રીકૃષ્ણ (શ્રીગોકુલેશ)** કહેવામાં આવે છે. એટલે જે બ્રહ્મ છે, જેમ શ્રુતિમાં કહેલું છે, તે આનન્દમય છે, અને આજ આનન્દમય સ્વરૂપે શ્રીકૃષ્ણ છે, જે સ્વયં બ્રહ્મ છે. તેથી શ્રીકૃષ્ણ બ્રહ્મ છે, અને તેથી આનન્દમય સ્વરૂપ છે. અને તેથી

कृषिर्भूवाचकः शब्दोणश्च निर्वृत्ति वाचकः ।।

तयोरैक्यं परब्रह्म कृष्ण इत्यभिधीयते ।। (श्रृति)

कृषि भू सत्तावाचक शब्द छे. अने ण निवृत्ति वाचक आनन्द वाचक शब्द छे. सत्ता आनन्दनुं ऐक्य जे परब्रह्म छे, तेने कृष्ण कृष्ण शब्दथी ओळखवामां आवे छे. अने कृष्ण ना केवळ ब्रह्म छे, ए तो परब्रह्म परब्रह्म कृष्ण छे.

सौन्दर्यवती मूर्ति राधिका सत्ता, ए आ सत्ता रस धर्मी श्रीप्रभुना हृदयमां नित्य स्थित स्वरूपे बिराजे छे.

निरस्यसाम्यतिशयेनधसा स्वधाम्नि ब्रह्मणिरंस्यतेनमः ।

व्रज सिमंतिओना गूढ भावोनुं समूह सत्तात्मक समष्टि स्वरूप श्रीराधिका श्रीप्रभुना हृदयमां स्त्रीभावात्मक गूढ रूपे सदा बिराजे छे.

स्त्रीभावो गूढोः पुष्टिमार्गे तत्त्वम् ।

श्रीकृष्ण (श्रीगोकुलेश) आनन्दरूप छे. आ स्वरूप ज पुष्टिमार्गमां सेवा अने भजन करवा योग्य छे. अने तेथी आ स्वरूपनी सेवा स्त्रीभाव प्राप्त करीने भगवद् सुखार्थना भावमां भावित थईने करवानी छे.

लीला सामग्री अंतर्हित् आ वियोग अवस्थावाळुं केवळ धर्मीस्वरूप एज आनन्दरूप परब्रह्म श्रीगोकुलेश (श्रीकृष्ण) छे. अने आज स्वरूप ते श्रीआचार्यजीनुं अलौकिक स्वरूप छे.

आनुं समर्थन श्रीगुसांईजी वल्लभाष्टकमां वस्तुतः कृष्ण एव थी एटले के श्रीमहाप्रभुजी **वस्तुतः श्रीकृष्ण** ज छे. साथेज गोपालदासजी वल्लभाख्यानमां उल्लेख करे छे के **पूरण ब्रह्म श्रीलक्ष्मण सुत** अने नारदपंचरात्रमां पुनराचार्य रूपेण भवाम्यानन्दविग्रहःथी थाय छे अने तेथी अहीं सर्व प्रथम श्रीमहाप्रभुजीनुं नाम **आनन्दः** कहींने आधिदैविक श्रीकृष्णथी वर्णवे छे.

श्रीमहाप्रभुजीना आसुरव्यामोहलीला (नित्यलीला प्रवेश) बाद श्रीसर्वोत्तम स्तोत्र प्रगट करवा माटे श्रीगुसांईजीए श्रीगोपीजनवल्लभ स्वरूप श्रीकृष्ण अने श्रीमहाप्रभुजीने एकाग्रचित्ते पोताना श्रीहृदहमां ध्यान धर्युं, त्यारे आपश्रीना रोमेरोम आनन्द छवाई गयो, अने श्रीमहाप्रभुजीनो आनन्द स्वरूपनां दर्शन करी सर्व प्रथम **आनन्दः** नाम प्रगट कर्युं.

श्रीमहाप्रभुजी आनन्द आनन्दः स्वरूप छे.

..क्रमशः

संकलन :- दास गोपाल, जै जै श्रीगोकुलेश परिवार, वडोदरा

શ્રીગોકુલનાથજીકે ચોબિસ વચનામૃત

૫ વૈષ્ણવકો કર્તવ્ય.

નોંધ :- ગયા અંકમાં આપે જે શ્રીગોકુલનાથજીના ૨૪ વચનામૃતમાંનું જે વચનામૃતનું રસપાન કર્યું, તે છઠ્ઠુ વચનામૃત હતું, જે સેવા પાખંડ માટે ન કરવી. અમારી આ ભૂલ બદલ આપણે ક્ષમા માંગીએ છીએ. તેથી વાચક સેવક –વૈષ્ણવોએ અમારી ભૂલને સુધારી લેવા વિનંતિ. વચનામૃત ક્રમાંક ૫. વૈષ્ણવકો કર્તવ્ય અમે પ્રકટ કરી રહ્યાં છીએ.

અબ ઓરહું શ્રીગોકુલનાથજી કલ્યાણભટ્ટ પ્રતિ આજ્ઞા કરત હે - પાંચમો લક્ષણ કહેત હે જો, *વૈષ્ણવ હોય કે શ્રીભગવાનકો આશ્રય હિતકારી જાને, ઓર ભગવદ્‌સેવા વિષે એકાગ્ર અપને ચિત્તકો રાખે, પરમ ફલ રૂપ જાને. લૌકિક-વૈદિકમેં મનકી ચંચલતા ન રાખે.* ***શ્રીજીકો(શ્રીઠાકોરજી)કો સ્વરૂપ શ્રીભાગવતમેં તથા પુષ્ટિમાર્ગીય ગ્રંથનમેં લિખ્યો હે તિનકો દર્શન કરીકેં હૃદયમેં ધ્યાન રાખે. જેસે ભગવદ્ નામ સ્મરણ કરે તેસે હી અપને ગુરુ કે નામકોં હૃદયમેં સ્મરણ-જપ કરે. ઔર ભગવદ્ કટાક્ષ.*** *શ્રીઅંગ, વસ્ત્ર, આભરણ મેં અપનો મન લગાયકે ચિંતન કરે. અનેક લીલાકે તિનકો ચિંતવન કરે. ભગવદ્ નામ વિના જે છિન (ક્ષણ) જાય સો હૃદય ભીતરતે ઉદ્‌શ્વાસ લે કે દુ:ખ કરે, ઓર દેહમેં આસુરાવેશ હોય આવે તબ અપરસમેં સ્નાન કરી ચરણામૃત તથા શ્રીજમુનાજીકી રેણું મુખમાં મેલિ દોઉ નેત્રનસો લગાવે, માથે ધરિ હૃદયસો લગાવે તો અલૌકિક દષ્ટિ હોય તબ ભગવદ્ ધર્મ હૃદયમેં આવે, માથે બિરાજે. શુદ્ધ હૃદયમેં શ્રીપ્રભુજી પધારે.*

ભગવદ્ મંદિરમેં જાય તો છોટી મોટી ભગવદ્ સેવા અપનો ભાગ્ય માનીકે કરે. કાહુકી સેવામેં ઈર્ષા ન કરે. બુહારી કરીકે પોતના કરે. પાત્રાદિક માંજે ભયેમેં મંગલા ભોગ ધરે. સિજ્યા ફેરિકે બિછાવે-સમારે. મંગલા આરતિ કરી તિથિવાર ઉત્સવ દેખીકે અભ્યંગ કરાવે. શ્રૃંગાર જેસો સ્વરૂપ પુષ્ટિમાર્ગકે અનુસાર તિથિ ઋતુકે અનુસાર કરે. અપને મનમેં અપરાધ કો ભય રાખે. સેવા-શ્રૃંગાર વિષે ચિત્તકો ઉદ્વેગ સંકલ્પ-વિકલ્પ ન કરનો. અપનો ભાગવય મહાપ્રભુજીકી ક્રિપાતે દુર્લભ જાનિકે કરે. મંગલા-શ્રૃંગાર-રાજભોગ-ઉત્થાપન-સંધ્યા-શયન કરાય સાંકળ-તારો વસ્તુ સામગ્રીકી સંકલ્પતા (વિચારેલી) ચોકસી રાખે. પાછે રાત્રકો વૈષ્ણવનકો મિલિકે ભગવદ્ વાર્તા કીર્તન અવશ્ય કરનો. કોઇ વૈષ્ણવ ન મિલે

તો આપુહી પોથી ટીકા એતન્માર્ગીય ગ્રંથ દેખે. વૈષ્ણવ મંડલીમેં આપુ જાય કે વાર્તા કહે અથવા સુને. જેસે સેવામાં આલસ ન કરે તેસે વૈષ્ણવ મિલાપમેં આલસ ન કરે. દોઉ હોય તબ ભક્તિ બઢે ભગવદ્ સેવા ન બને તોઉ વૈષ્ણવ સંગ કરે. વૈષ્ણવ સંગ છોડે તો દૈન્યતા (કંગાલપણું, બીકણપણું) હોય. વૈષ્ણવ સંગ ન છોડે તો દીનતા હોય. યા પ્રકાર શ્રીગોકુલનાથજી શ્રીમુખસોં આજ્ઞા કરે. ઈતિ પાંચમો પ્રસંગ. ૫

..ક્રમશ:

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

સ્વરૂપનિષ્ઠા

શ્રીગોકુલેશપ્રભુચરણના અંતરંગ ભગવદીયો

કિશોરભાઇ

દાદા નારાયણજીના પુત્ર ત્રિકમભાઈના દ્વિતીય પત્ની ફૂલાભાભીના એ પુત્ર હતા તથા પરમકૃપાપાત્ર મોહનભાઈજીના નાના ભાઈ હતા.

બાલ્યવયથી જ એઓ શ્રીગોકુલેશપ્રભુમાં સ્વરૂપાસક્ત બન્યા હતા. નાની વયમાંથી એઓ કાવ્ય રચનાઓ કરતાં હતા. શ્રીગોકુલેશજીના યશનું વર્ણન કરતું ધોળ પણ એમણે રચ્યું છે. નિજ સેવ્યસ્વરૂપની સેવાથી પહોંચીને પોતાના શ્રીગુરુદેવ શ્રીગોકુલેશ પ્રભુ શયન સમયે નિજમંદિરે પધારતા તેનું સુંદર વર્ણન કરતું શયનનું ધોળ કિશોરભાઈએ રચ્યું છે જેમાં શયન આરતી પછીના શ્રીગોકુલેશજીના નિત્યક્રમનું અલૌકિક વર્ણન છે.

સેન આરતી કરી વહાલોજી તે આવેજી,
લટકતી ચાલે રૂડા ભાવેજી,
આગળ દીવી તે પ્રગટી લાવેજી,
શ્રીમુખ શોભા અતિય સોહાયેજી..

વિશેષમાં કિશોરભાઈએ શ્રીગોકુલેશજીની જન્મકુંડળી પણ બનાવી હતી. સદા શ્રીગોકુલેશજીની સન્મુખ બેસીને શ્રીમુખના દર્શન અને સ્વરૂપલાવણ્યામૃતનું પાન કરતા હતા.

શ્રીગોકુલેશજીમાં જ સદા અનુરાગી અને સ્વરૂપાસક્ત કિશોરભાઈના ભાવ અને ભાગ્યનું શું વર્ણન કરવું ?

શ્રીગોકુલેશપ્રભુચરણના અંતરંગ ભગવદીયો

કેશવદાસ

કેશવદાસ દાદા નારાયણજીના બીજા પુત્ર હતા. એમના પત્નીનું નામ હરીબાઈ હતું. શ્રીગોકુલેશ પ્રભુમાં જ સદા આસક્ત હતા. એમના વિશે કોઈ વિશેષ માહિતી ઉપલબ્દ થતી નથી.

શ્રીગોકુલેશપ્રભુચરણના અંતરંગ ભગવદીયો

વેણીદાસ

વેણીદાસ દાદા નારાયણજીના ત્રીજા પુત્ર હતા. એમના પત્નીનું નામ ફૂલીબાઈ હતું. વેણીદાસભાઈને બે પુત્રો: ગિરધરભાઈ અને પુરુષોત્તમભાઈ તથા બે પુત્રી દેવકી અને ગોરાબાઈ નામે હતાં. વેણીદાસભાઈનો સમગ્ર પરિવાર શ્રીગોકુલેશપ્રભુમાં જ સદા સ્વરૂપનિષ્ઠ હતો.

વેણીદાસભાઈ વિશે વધુ માહિતી મળતી નથી.

એમના પુત્ર ગિરધરભાઈ તથા પુત્રી દેવકીબાઈએ પોતાના શ્રીગુરુદેવ શ્રીગોકુલેશ પ્રભુના નિત્યલીલામાં પધારવાના સમાચાર સાંભળતાં જ શ્રીગોકુલેશ પ્રભુના વિપ્રયોગમાં ભૌતિક દેહનો તત્કાલ ત્યાગ કર્યો હતો અને શ્રીગોકુલેશ પ્રભુની નિત્યલીલામાં પહોંચી, શ્રીમુખારવિંદના દર્શન કર્યા હતા.

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

શ્રીધોલ પદ

હાંરે આજે રે જનમ દિવસ છે રે હેલી, શણગાર સજું સહુ પહેલી. ૧

હાંરે જાઊ જાઊં રે શ્રીવિઠ્ઠલજીને દ્વારે, ત્યાં તો ભક્તોની ભીડ અપાર. ૨

હાંરે વાજે વાજે રે તાલ ને ઝાંઝ મૃદંગ, વળી વાગે છે માંગલી શંખ. ૩

હાંરે વાજે વાજે રે ઢોલ દમામા ને ભેરી, મોટી નોબત ઘૂમે છે ઘેરી. ૪

હાંરે ત્યાંતો નૃત્ય રે, નૃત્ય કરે નરનારી, આભૂષણ શોભે છે ભારી. ૫

હાંરે નારી નારિ રે ધોળ ગાયે ગુજરાતી, ફૂલી ફરતી ને અંગ ન સમાતી. ૬

હાંરે ત્યાંતો મોતીના રે, મોતીના ચોક પુરાયે, શ્રીવલ્લભવર કેસરે ન્હાયે. ૭

હાંરે ઘસી કેશર રે કેશર ચંદન ઘોળ્યાં, ફુલેલ શ્રીઅંગે ચોળ્યાં. ૮

હાંરે ઊષ્ણ જલશું રે જલશું સ્નાન જ કીધાં, વૈષ્ણવજનને ચરણામૃત દીધાં. ૯

હાંરે અંગ વસ્ત્ર રે વસ્ત્ર શ્રીઅંગે જ કરીયાં, ધોતી ઉપરણા કેસરી ધરીયાં. ૧૦


હાંરે મારે વહાલે રે, વહાલે આભૂષણ ધરીઆં, દેખી વૈષ્ણવનાં મન ઠરીયાં. ૧૧

હાંરે ત્યાંતો માર્કંડ રે, માર્કંડ પૂજારે કીધી, વિપ્રજનને દક્ષિણા દીધી. ૧૨

હાંરે ઈંડીપીંડી રે, પીંડીને આરતી કીધી, ન્યોછાવરી વારીને દીધી. ૧૩

હાંરે **હરિદાસ** રે, દાસ **શોભા** સુખકારી, હરખી નીરખીને જાએ બલિહારી. ૧૪

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા



વિચાર કરવો જોઇએ !

સેવાસ્વરૂપ

ગયાં વખતે આપણે સેવોપદેશક-ગુરુ વિશે જાણ્યું. ગુરુ કેવા હોવા હોઇએ, અને કોણ ગુરુ હોઇ શકે. હવે જ્યારે આપણે શ્રીમહાપ્રભુ નિર્દેશેલ ગુરુ જો પ્રાપ્ત થાય અને આપણે આ ભક્તિમાર્ગમાં હવે આગળ વધવું હોય, તો પછી ગુરુ પાસેથી પહેલાં તો માર્ગીય દીક્ષા ગ્રહણ કરવી પડે. અને દીક્ષા ગ્રહણ પછી શું કર્તવ્ય છે ? તો શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે સેવા અને કથા. તો આ સેવાનું સ્વરૂપ શું છે, તે આપણે જાણવું જરૂરી છે. તો ચાલો આપણે હવે સેવા-સ્વરૂપ વિશે શ્રીમહાપ્રભુજી અને મહાનુભાવ આચાર્યોની વાણીથી સારાંશમાં સમજ પ્રાપ્ત કરીએ. કારણકે આજની આધુનિક ભાષામાં તો લોકો એમ પણ કહે છે કે હું સવાર ઘરેથી કામે જાઉ છું ત્યારે હું શ્રીયમુનાષ્ટકનો પાઠ કરી સેવા કરી લઉ છું. ખાલી ૧૦ મીનિટ લાગે. વાહ ! ભલા માણસ શ્રીયમુનાષ્ટકના પાઠને સેવા માને છે. મારા એક મિત્ર છે, તે મને કહે કે જ્યારે મારે બહારગામ જવાનું હોય, ત્યારે તો હું બસમાં બેસી ને સેવા કરી લઉ છું. કોઇક પોતાની દુકાનનું પાટીયું ઉંચુ કરતાં પહેલાં દુકાનમાં પ્રવેશ કરતાં પહેલાં દુકાનને પગે લાગે છે, પછી ગલ્લાને માથે લગાવે છે, અને કહે છે કે મારી સેવા થઇ ગઇ. મારા એક મિત્રને તો એક એવી આદત કે રોજ સવારે ઘરેથી બહાર જાય અને રસ્તામાં જે પણ દેવાલય આવે એટલે ત્યાં માર્ગ પરથી જ બે હાથ જોડીને નમન કરે અને કહે કે મારી સેવા થઇ ગઇ. એક પુષ્ટિમાર્ગીય તો મને એમ કહે કે રોજ સવારે ફલાણી હવેલીમાં દર્શને જાઉ છું, ને મારા આખા દિવસની સેવા આવી ગઇ. ત્યારે મેં એને પુછ્યું કે આજે મંગલામાં તમારી ફલાણી હવેલીમાં શ્રીઠાકોરજીએ શું વસ્ત્ર ધારણ કર્યાં હતાં, તો જવાબ મળે, ભાઇ ! આ બધું જવા દેવાનું, આપણે એક વાર મંદિરમાં આવ્યાં એટલે આખો દિવસ સુધરી જાય. મંગલ મુખી સદા સુખી.

તો આવી બધી આજકાલની સેવાની અટપટી વ્યાખ્યાંનો પ્રાપ્ત આપણને રોજેરોજના જીવનમાં પ્રાપ્ત થાય છે. કદાચ એવા પણ જીવો છે, જે શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનુસાર સેવા કરે પણ છે, પણ જે નથી કરી શકતાં, તેમનું શું ? તેથી આવા વિષયો આપણે જાણવા-સમજવાં જરૂરી બને છે.

શ્રીમહાપ્રભુજી વિરચિત સિદ્ધાંત મુક્તાવલી ગ્રંથ. ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે

चेतस्तत्प्रवणं सेवा तत्सिद्ध्यै तनुवित्तजा। श्लोक २.

શ્રીકૃષ્ણસેવાનું આ જ સ્વરૂપ છે જે चेतस्.. દ્વારા શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે - चेतस् - ચિત્તનું શ્રીકૃષ્ણમાં, प्रवणं - તન્મય થવું તે શ્રીકૃષ્ણ સેવા. તે ચિત્તની શ્રીકૃષ્ણપ્રવણતારૂપ-શ્રીકૃષ્ણતન્મયતારૂપ શ્રીકૃષ્ણસેવા સિદ્ધ થાય છે તનુવિત્તજા સેવા કરવાથી.

ચિત્તને શ્રીકૃષ્ણપ્રવણ કરવાના સાધનો બીજા (પોતાનું તન અને પોતાનું વિત્ત) છે તે શ્રીમહાપ્રભુજી સમજાવી રહ્યાં છે. **तद्** ઈત્યાદિ ... પૈસા આપીને કોઈક બીજા માણસ થકી કરાવવામાં આવતી સેવા તે સેવાનો એક પ્રકાર છે; અને આવી રીતે શ્રીકૃષ્ણસેવા માટે કોઈક બીજા માણસ પાસેથી પૈસા લઈને કરવામાં આવતી સેવા તે સેવાનો બીજો પ્રકાર છે. આવા બન્ને પ્રકારોથી કરવામાં આવતી સેવાઓને કારણે ચિત્ત ક્યારેય શ્રીકૃષ્ણપ્રવણ બની શક્તુ નથી, આવા પોતાના અભિપ્રાયને પ્રકટ કરવા માટે શ્રીમહાપ્રભુજીએ **तनुवित्तजा** રૂપ સમસ્ત (એક શબ્દ) પદનો પ્રયોગ કર્યો છે. આથી સિદ્ધ થાય છે કે કોઈ પણ જાતના લૌકિક ભાવોને આધીન થયા વગર પોતાનું સર્વસ્વ ભગવાનને નિવેદિત કરીને, પોતાના દેહનો પણ વિનિયોગ જ્યારે ભગવાન માટે કરવામાં આવે, ત્યાર પછી ભગવત્ પ્રેમ પ્રકટ થતાં ચિત્ત શ્રીકૃષ્ણ પ્રવણ બની શકે છે.

(શ્રીગુસાંઈજીપ્રભુચરણ કૃત સિદ્ધાંત મુક્તાવલી વિવૃત્તિ-ટીકા - ૨)

તે આભ્યન્તરભક્તિસાધક બાહયોપાય જો કોઈક તનુજા સેવા (કેવળ પોતાના દેહથી) કરનાર બીજાને વેતન (પગાર આપી), એટલે કે તનુજા સેવાના મૂલ્યરૂપે વિત્ત આપીને કરાવવામાં આવતી હોય (જેમકે આજકાલ આપણા ઘણાં ખરાં કહેવાતા હવેલીઓમાં જઈને થોડીક ભેટ આપે, તે ભેટ આપનાર તનુજા સેવા, અને મંદિર-હવેલીઓમાં નોકરી કરનાર મુખીયા ભીતરીયા - વેતન લેનાર) ત્યારે તે વિત્તજા સેવા ચિત્તને રાજસભાવ-દર્પ-દમ્ભથી યુક્ત બનાવે છે પણ શ્રીકૃષ્ણ પ્રવણ બનાવી શકતી નથી. જો બીજા કોઈક પાસેથી વેતન-તનુજા સેવાના મૂલ્યના રૂપે ગ્રહણ કરીને તનુજા સેવા કરવામાં આવતી હોય ત્યારે ગોરમહારાજને જેમ યજ્ઞ-યાગનું ફળ મળતું નથી, તેમ પારકા પૈસાથી કરવામાં આવતી તનુજા સેવા કરનારને પણ શ્રીકૃષ્ણ-પ્રવણતા રૂપ ફળ ક્યારેય મળતું નથી. તેથી જે પોતાનો દેહ સેવામાં ઉપયોગ કરે છે, તેને પોતાના દ્વારા કમાયેલા દ્રવ્યથી જ પોતાના શ્રીપ્રભુજી સેવા કરવી. તો જ સમર્પણ થાય. બાકી બધું દેખાવો છે. પૈસા એકઠા કરવાનાં સાધન છે. (શ્રીપુરુષોત્તમજી કૃત સિદ્ધાંત મુક્તાવલી પ્રકાશ - ટીકા - ૨)

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

।। શ્રીગોકુલેશો જયતિ ।।

ગોકુલસ્ય તુ યો ગોપ્તા પુષ્ટિસુપથરક્ષિતા ।
જનિતા તુર્યવંશસ્ય ગોકુલેશં નમામિ તમ્ ।।
શ્રીગોકુલપતેર્ નિત્યં શુભદમાસ્પદં મહત્ ।
શ્રીવાલ્લભમતે નિષ્ઠં તુર્યપીઠં વયં નુમઃ ।।

શ્રીચતુર્થપીઠાધીશ્વર પૂજ્યચરણ ગુરુદેવ
ગોસ્વામી શ્રીદેવકીનંદનાચાર્યશ્રીના આશિર્વાદથી

શ્રીમદ્ ગોકુલ આવતા શ્રીચતુર્થગૃહના સેવકોને સન્મુખ-શ્રીચરણસ્પર્શ સંબંધી આવશ્યક માર્ગદર્શન

શ્રીમદ્ ગોકુલ - શ્રીગોકુલનાથજીના મંદિરમાં શ્રીગુસાંઈજી પ્રભુચરણના શ્રીચતુર્થકુમાર અને શ્રીમાલા-તિલક રક્ષણહાર સર્વદા સેવ્ય શ્રીદાદાજી શ્રીગોકુલેશ પ્રભુચરણના શ્રીબેઠકજી સાક્ષાત્ પ્રગટ બિરાજે છે.

...ગતાંકથી આગળ

નોંધઃ - આપણા અલૌકિક શ્રીવાલ્લભ સિદ્ધાંત નિષ્ઠ શ્રીચતુર્થગૃહમાં બીરાજતા સર્વદા સેવ્ય દાદાજી શ્રીગોકુલેશ પ્રભુચરણ પ્રગટ બીરાજતાં શ્રીબેઠકજીએ સેવક-વૈષ્ણવોને શ્રીચરણસ્પર્શ માટે અનિવાર્ય નિયમો, તે જાણવા જરૂરી છે. જેથી આપણે જ્યારે પણ શ્રીમદ્ ગોકુલ જઈએ ત્યારે કોઈ તકલિફ ન પડે, તેથી આ આવશ્યક માર્ગદર્શન જાણી લેવું જરૂરી છે.

- વ્રતના દિવસે શ્રીગોકુલ ત્યજી અન્ય ક્યાંય જવું નહીં. તેમજ બહારનું જલપાન અને ખાનપાન પણ કરવું નહીં. શ્રીયમુનાજીને પણ ક્યારેય વ્રતના દિવસે પાર કરવું નહીં.
- વ્રતના દિવસે શક્ય એટલું ભગવન્નામ સ્મરણ-સ્તોત્ર પાઠ વગેરે કરવા. ટી.વી. વગેરે મનોરંજનના સાધનોથી દૂર રહેવું.
- શ્રીબેઠકજીમાં શ્રીચરણસ્પર્શ કરતા અગાઉ, પોતાના ઉતારાના સ્થળે/ધર્મશાળામાં સ્વચ્છ જળથી સ્નાન કરી, માથાનો મેલ-ચીકાશ વગેરે દૂર કરવાં અને ત્યાર પછી જ શ્રીબેઠકજીના જલધારામાં અપરસના સ્નાન માટે જવું.

• પ્રાતઃકાલે ખરચૂ (સંડાશ)ની ક્રીયા પૂરી કરી હોય અથવા ન કરી હોય તો પણ સર્વ પ્રથમ ઉતારાના સ્થાને સ્નાન કર્યા પછી જ જલધારામાં અપરસમાં સ્નાન માટે જવું.

• શ્રીગોકુલમાં આવેલા કોઇ પણ ધર્મશાળા અથવા તીર્થગોરના ઘરની અપરસ માટે આજ્ઞા આપવામાં આવેલી નથી, તેની ખાસ નોંધ લેવી.

• શ્રીબેઠકજીમાં અપરસ કરવા માટે આવનાર સેવક-વૈષ્ણવોએ જલધારાનો અન્ય કોઇ દૂર-ઉપયોગ જેવો કે માથું ધોવું, કપડાં ધોવા, લઘુશંકા કરવી વગેરે રૂપમાં કદી કરવો નહીં, પરંતુ અપરસના સ્નાન પૂરતો જ કરવો.

• અપરસમાં સ્નાન કરતી વખતે ઘોંઘાટ કરવો નહીં, પરંતુ મૌન જાળવવું. સ્નાન કરતી વખતે બોલવાથી મુખના છીંટા, સ્નાન કરેલા દેહ ઉપર પડવાથી, દેહ અશુદ્ધ બને છે.

• સ્નાન કરતી વખતે મસ્તકથી નીચે તરફ જળ વહે એ રીતે સ-વસ્ત્ર સર્વાંગે સ્નાન કરવું.


• સ્નાન કર્યા બાદ કોવા ટુવાલથી સૌ પ્રથમ મસ્તક બરાબર લૂછી-ઉપરથિ નીચે તરફ સંપૂર્ણ શરીર લૂછવું. માથામાં જલબિંદુઓ રહી ન જાય તેની ખાસ કાળજી લેવી. માથામાંથી જલબિંદુઓ અપરસ કરેલા શરીર ઉપર પડેતો અપરસ છોવાઇ જાય અથવા શ્રીબેઠકજીમાં પડે તો અપરાધ પડે છે.

• ત્યારબાદ કોરી જગ્યામાં ઊભા રહી અપરસના વસ્ત્રો પહેરવાં.

• અપરસમાં સુતરાઉ કોરા, રેશમી અતવા કંતાનના વસ્ત્રો ઉપયોગમાં લેવા. નીકર/અંડરવેર રાખવા નહીં.

...ક્રમશઃ

સંકલનઃ- રાજેન્દ્રભાઇ કડકીયા (યુ.એસ.એ.)



જૈ જૈ શ્રીગોકુલેશ

સખી ધન્ય દિવસ ધન્ય રાતડી જો, ઘણી મીઠી વાહાલાજીની વાતડી જો. સખી. ૧
વાહાલો પાઘ બાંધે છે વાંકડી જો, એને જોઇને ઠરે છે મારી આંખડી જો. સખી. ૨
વાહાલો નખશિખ મોહન બેલડીજો, એના ગુણ ગાવા સખી સાહેલડી જો. સખી. ૩
વાહાલો બની ઠનીને ઘેર આવીયાજો, માહારી સહિયર સમાણીને મન ભાવિયા જો. સખી. ૪
માહારે પૂર્વ જનમની પ્રીતડી જો, ઘેર પધાર્યા રસની રીતડી જો. સખી. ૫
જીરે રસ ઉછલિત થયો અંગમાં જો, વાહાલો આવી બિરાજ્યા મારા સંગમાં જો. સખી. ૬
વાહાલો રાસમંડલ રચના કરી જો, પૂરે મનોરથ શ્રીગોકુલના ધણી જો. સખી. ૭
સખી રંગીલી ગલી રળિયામણી જો, ત્યાં તો ભીડ મચી ભક્તની ઘણી જો. સખી. ૮
સખી દરશને સહુ જાય છે જો, મુખે ગોકુલપતિના ગુણ ગાય છે જો. સખી. ૯
ત્યાં નિત્ય નિત્ય થેઇ થેઇ થાય છે જો, વાહાલાજીને તે ભક્ત સોહાય છે જો. સખી. ૧૦
સખી ફરી ફરીને લે છે ફુંદડી જો, તમે રિઝવ્યા પ્રભુને આ ઘડી જો. સખી. ૧૧
સખી નીરખી ફૂલીને ગાય છે જો, **હરિદાસ** તે વારણે જાય છે જો. સખી. ૧૨

કવિત્ત

જાહીકો સ્વરૂપ રુચ્યો તાહીકોં ન રુચે આન,
આન રુચે તો તો એ સ્વરૂપ રુચ્યો નાહિયે;
પ્રથમ અનન્યતા, અનન્યતા તહાં હૈ સ્નેહ,
સ્નેહ તહાં રસ એસી આવે મનમાંહી એ;
જાનિકે વિલંબ કિત કરત કુબુદ્ધિ ક્રુર,
શુર વ્હૈ સ્વરૂપ દઢ કરિ અવગાહિયે;
ગોકુલકે નાથ નિજ હાથ દાન લિયે હે પે,
જીયકી જુ ઓર સન્મુખતા તો ચાહીયે. ૬

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

શ્રીગોકુલનાથકી જય



શ્રીગોકુલેશ પાઠશાળા

શ્રીઉત્પત્તિ એકાદશી વ્રત

તાત તણો પ્રતિબિંબ રે રસના - ૮

વર્ષ ૨ અંક ૮ કાર્તિક વદ ૧૧, ૨૦૬૫

શ્રીકન્હૈયા પ્રભુ કે વચનામૃત

એક સમય શ્રીગોકુલમેં અપની બેઠકમેં બિરાજત હતે તબ વાર્તા પ્રસંગ ચાલી રહ્યો હતો. તબ એકને વિનતી કીની જે રાજ, શ્રીજન્માષ્ટમીકો ઉત્સવ, શ્રીમહાપ્રભુજીકો ઉત્સવ, શ્રીગોપીનાથજીકો ઉત્સવ, શ્રીગુસાંઇજીકો ઉત્સવ ઔર શ્રીગોકુલનાથજીકો મહાઉત્સવ, યાકો કારણ કૃપા કરકે સમજાઇયેં...તબ પ્રસન્ન હોય કે આજ્ઞા કીની જે મહા શબ્દ હે સો વિષેશતાકો હે, જેસે મહાભોગ, મહાનિશા, મહારાસ, માહાપ્રભુ, એસે શ્રીપૂર્ણપુરૂષોત્તમ સાક્ષાત્ પુષ્ટ પુષ્ટિ રસાત્મક પ્રભુકો પ્રાગટ્ય હોય તબ મહા શબ્દ વપરાય હે...જેસે શ્રીમહાપ્રભુજી, તેસે શ્રીગોકુલેશજીકો પ્રાગટ્ય. સ્ત્રીનો જે ભાવ ગૂઢ તે શ્રીગોકુલેશસ્વરૂપ કૃષ્ણરસાત્મક હે, યાતેં શ્રીમહાઉત્સવ ભયો.